ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૭-૨૦૧૩, શનિવાર

## તંત્રી સ્થાનેથી.....

### મોદી સામેની લડાઈ અમેરિકામાં લડવાની જરૂર નથી

ગુજરાતના મુખ્યમંત્રીને અમેરિકાની સરકાર વીઝા ન આપે તે અંગત રીતે મુખ્યમંત્રીશ્રી માટે અને સમગ્રપણે ગુજરાત તેમજ દેશ માટે નામોશીભરી બાબત ગણાય. ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે વ્યક્તિ વિશેષને પોતાના દેશમાં પ્રવેશબંધી ફરમાવીને અમેરિકા દુનિયામાં પોતાની જોહુકમી કઈ હદ સુધી ચાલી શકે છે તેની પ્રતીતિ કરાવવા આવાં પગલાં ભરતું હોય એમ બને. અમેરિકાએ માનવ અધિકારની દુહાઈ દઈને મોદી સામે પ્રવેશબંધી ફરમાવેલી છે. પરંતુ સામે પક્ષે ભારત જેવી ઊભરતી મહાસત્તાના એક વગદાર નેતાને આવી રીતે અપમાનિત કરાય તે દુનિયાની સૌથી મોટી લોકશાહી માટે ઘણી શરમજનક ઘટના છે. નરેન્દ્ર મોદી વિરુદ્ધ ૨૦૦૨નાં રમખાણોમાં લઘુમતી વર્ગોના નરસંહારના ખરાખોટા આક્ષેપો થતા રહ્યા છે પરંતુ હજી સુધી કોઈપણ અદાલતે કે તપાસપંચે એમને સ્પષ્ટ રીતે દોષિત ઠેરવેલ નથી. વળી તેઓ ભારતીય જનતા પાર્ટી જેવી રાષ્ટ્રીય પાર્ટીના અત્યંત મહત્વના નેતા છે જેમનું નામ આગામી લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે ચર્ચાઈ રહ્યું છે. અમેરિકામાં પણ એમનો એક ખાસ ચાહક વર્ગ છે. વિશેષપણે અમેરિકામાં વસતા ગુજરાતીઓ એમને ભવિષ્યના વડાપ્રધાન તરીકે જોવા ઉત્સુક છે. દેશના મોટાભાગના ટોચના ઉદ્યોગપતિઓને મોદીમાં એક સફળ રાષ્ટ્રનેતાનાં દર્શન થાય છે. યુવાનોને એમનામાં સ્વપ્નદ્રષ્ટા દેખાય છે. આવા લોકપ્રિય નેતા સામે વીઝાનો દંડો ઉગામનારા દુનિયાની રખેવાળીની વણલખી જવાબદારી પોતાના શિરે ઉપાડીને ફરનારા અમેરિકાને પણ મોડે મોડે મોદી સાથેના સંબંધો સુધારી લેવા જેવા લાગ્યા એથી સ્તો એના ઉચ્ચ અધિકારીઓ ગાંધીનગર આવીને એમને સામેથી મળવા માંડ્યા છે. ગુજરાત સાથેના સંબંધો ઉષ્માપૂર્ણ રાખવા મથતા ઓબામા માટે મોદીને લાંબો વખત ટાળી દેવાની રાજનીતિ જોખમી નીવડી શકે એમ છે. જુદી વાત છે કે મોદીની છવિ હિંદુત્વના હીરો તરીકેની જ રહી છે, પણ એ છવિના જોર પર તો તેઓ વડાપ્રધાનપદની રેસમાં આવી ગયા છે. પ્રમાણમાં ઘણા પાછળથી રાજકારણમાં સક્રિય બનેલા આ બીજી હરોળના નેતા આજે સિનિયરોની સાઈડ કાપીને આગળ નીકળી ગયા છે. એવા સંજોગોમાં જે દૂર દૂરની ‘હાઈપોથેટિકલ’ શકયતા દેખાય છે તે વડાપ્રધાન નહીં તો છેવટે વિપક્ષના નેતા તરીકે મોદીનું રાષ્ટ્રીય સ્તરે સ્થાપન થવાની લાગે છે. અમેરિકા જેવી મહાસત્તા વિશ્વની સૌથી મોટી લોકશાહીના વિપક્ષી નેતાને પણ અવગણી શકશે ખરી? તેથી સ્વાભાવિક રીતે જ ઓબામા તંત્ર મોદીના વીઝા અંગે ફેરવિચારણા કરવા તૈયાર થયું હોય તે બનવાજોગ છે. એથી અકળાયેલા મોદી-વિરોધી સાંસદોએ અગાઉ ઓબામાને લખેલ પત્રની નકલ ફેરવારકી પાઠવી છે જેમાં સહી કરનારાઓ પૈકી સીપીએમના વરિષ્ઠ સાંસદ સીતારામ યેચુરી જેવા કેટલાક સાંસદોએ તો આવા કોઈ પત્ર પર પોતે સહી કરી જ નહીં હોવાનું કહી વિવાદનો મધપૂડો છંછેડ્યો છે. મોદીના કટ્ટર વિરોધી ગણાતા જદ(યુ)ના સાંસદ શિવાનંદ તિવારી જેવા નેતા પણ આપણી અંદરની લડાઈ અમેરિકા લઈ જવાના મુદ્દે નારાજગી વ્યકત કરી રહ્યા છે. કોંગ્રેસે એનું તટસ્થ વલણ પકડી રાખ્યું છે કે મોદીને વીઝા આપવા ન આપવા તે અમેરિકાનો પ્રશ્ન છે. મોદી ઈચ્છે તો કેન્દ્ર એમને વીઝા અપાવવા ભલામણ પણ કરી શકે છે. રાજનાથસિંહે અમેરિકા જઈને મોદીનાં ગુણગાન ગાયાં એ પછી આ મુદ્દો ફરી ઊછળ્યો છે, જેને પોતાની તરફેણમાં વટાવવાની ભરપૂર આવડત મોદી ધરાવે છે, તે કોઈથી અજાણ્યું નથી રહ્યું. રાજનાથ ભલે એમ કહેતા હોય કે મોદીના વીઝા એ અમારે માટે મહત્વનો મુદ્દો નથી, પરંતુ હકીકતમાં જનમાનસમાં મોદી તરફ સહાનુભૂતિનું મોજું પેદા કરવા માટે આ અત્યંત સંવેદનશીલ મુદ્દો સાબિત થઈ શકે એમ છે.

## જિલ્લાકક્ષાની કુસ્તી સ્પર્ધામાં મહર્ષિ અત્રિ શાળાના વિદ્યાર્થીઓ ઝળકયા



ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા રમત-ગમત પ્રશિક્ષણ કેન્દ્ર, સેક્ટર-૨૧ ખાતે યોજાયેલ જિલ્લાકક્ષાની કુસ્તી સ્પર્ધામાં મહર્ષિ અત્રી માધ્યમિક શાળા (પીંપળજ)ના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળા પરિવારે તમામ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર ખાતે તાજેતરમાં યોજાયેલ કુસ્તી સ્પર્ધામાં મહર્ષિ અત્રી શાળાના વિદ્યાર્થીએ અંડર-૧૪માં ચૌધરી પ્રવિણ ડી.એ ૩૫ કિલો વજનમાં બીજો નંબર, પટેલ વિશાલ કે ૪૧ કિલો વજનમાં બીજા ક્રમે તેમજ તેમજ ૪૯ કિલો વજનમાં રબારી પ્રતિક વી.એ પ્રથમ ક્રમે જ્યારે રબારી સુધીરે ૫૫ કિલો વજનમાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. પાયકાના વિદ્યાર્થી સુથાર ગોવિંદ એન. ૫૦ કિલો વજનમાં બીજા ક્રમે, પટેલ મીત ૫૪ કિલોમાં પ્રથમ ક્રમે જ્યારે પટેલ હર્ષ ૫૮ કિલોમાં કુસ્તીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતુ. જ્યારે અન્ડર-૧૭ કુસ્તીમાં શાળાના વિદ્યાર્થી પટેલ હર્ષ ૫૮ કિલોમાં પ્રથમ અને પટેલ મીત ૫૪ કિલોમાં બીજો ક્રમ મેળવ્યો હતો. જિલ્લાકક્ષાની કુસ્તી સ્પર્ધામાં વિજેતા બનેલ ખેલાડીઓ રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે. તેમજ કસ્તી સ્પર્ધામાં મહર્ષિ અત્રી માધ્યમિક શાળાના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને શાળાનું ગૌરવ વધાર્યુ છે. જ્યારે શાળા પરિવારે વિજેતા ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી અભિનંદન પાઠવ્યા હતા.





## રોટરી કલબ ઓફ કેપીટલનો શપથ ગ્રહણ સમારોહ

રોટરી કલબ ઓફ કેપીટલ, ગાંધીનગરના નવા વરાયેલા સભ્યોનો શપથગ્રહણ સમારોહ આગામી તા. ૨૮મી જુલાઈના રોજ સાંજે ૪.૩૦ કલાકે બ્રહ્માણી હોલ, ફાર્મસી કોલેજ, સર્વ વિદ્યાલય કડી સંકુલ, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે.

પ્રમુખ તરીકે રોટે. પ્રેમજીભાઈ એચ. ગોહિલ અને સેક્રેટરી તરીકે રોટે. શ્રીકાંત ત્રિવેદી શપથ લેશે. આ સાથે કલબના અન્ય સભ્યો પણ શપથ ગ્રહણ કરશે. આ અવસરે મુખ્ય મહેમાન તરીકે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી એસ.કે. નંદા ઉપસ્થિત રહેશે. જયારે ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે જગદીશભાઈ પટેલ અને ઈન્ડકશન ઓફિસર તરીકે રંગેશભાઈ શાહ ઉપસ્થિત રહેશે.

## કડી બી.એડ. કોલેજમાં ટેટ અને એચ. ટાટના વર્ગોનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સેક્ટર-૨૩, ગાંધીનગરની વકીલ ડી.એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.એડ્. કોલેજોના ભૂતપૂર્વ તાલીમાર્થીઓને ટેટ અને એચ. ટાટના અભ્યાસક્રમ પ્રમાણે વિષય સજ્જતા વધુ જ્ઞાનલક્ષી બને તે હેતુથી નિઃશુલ્ક વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.

સદર કાર્યક્રમ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા હવે પ્રાથમિક શાળામાં આચાર્ય અને શિક્ષક બનવા માટે ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી ટેટ અને એચ. ટાટની પરીક્ષા પાસ કરવી ફરજીયાત બનાવવામાં આવી છે, તેને ધ્યાનમાં રાખીને ફેકલ્ટી ઓફ એજયુકેશનની કોલેજોના તાલીમાર્થીઓ આ પરીક્ષામાં વધુમાં વધુ ગુણ પ્રાપ્ત કરે તે માટે વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થી મિત્રોને તેનો લાભ લેવા ખાસ જણાવાયું છે.

## અંગ્રેજી માધ્યમની સ્કૂલ ઓફ એચિવરમાં ગુરુપૂર્ણિમા ઉજવાઈ

સ્કૂલ ઓફ એચિવરના કુડાસણના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા તાજેતરમાં ગુરુવંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

અંગ્રેજી માધ્યમના ધો. ૧ થી ૧૦ના વિદ્યાર્થીઓએ ગુરુપૂર્ણિમા પ્રસંગે પ્રાર્થના, ગુરુવંદના શ્લોક ગાન કર્યું હતું. ગુરુજીને કંકુથી તિલક કરી પૂજન કર્યું હતું અને આશીર્વાદ મેળવ્યા હતા. ધો. ૬ના વિદ્યાર્થીઓએ નૃત્ય, ધો. ૧ થી ૫ના બાળકોએ આગવી વેશભૂષામાં એકાંકી તથા આયુષી જાનીએ ગુરુપૂર્ણિમાના મહત્વ અંગે વક્તવ્ય આપ્યું હતું. દ્રોણાચાર્ય અને એકલવ્યના સંવાદો, સમૂહ નૃત્યગીત અને ગુરુવંદનાના ગીતો બાળકો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. આચાર્ય અને ગુરુજનોએ બાળકોને આ પ્રસંગે બિરદાવી આશીર્વાદ પાઠવ્યા હતા.

## બી.પી. કોલેજ ઓફ બી.બી.એ. દ્વારા નવા વિદ્યાર્થીઓ માટે ફ્રેશર પાર્ટી યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરની બી.પી. કોલેજ ઓફ બી.બી.એ. માં વર્ષ ૨૦૧૩-૧૪ માટે નવા જોડાયેલા વિદ્યાર્થીઓને આવકારવા માટેનો ‘પ્રારંભ ૨૦૧૩-૧૪’ કાર્યક્રમ તાજેતરમાં કેમ્પસના ફાર્મસી હોલ ખાતે વિવિધ કાર્યક્રમો સાથે સફળતાપૂર્વક સંપન્ન થઈ ગયો.

બી.પી. કોલેજ ઓફ બી.બી.એ. દ્વારા નવા પ્રવેશેલા વિદ્યાર્થીઓને આવકારવા માટે ‘પ્રારંભ ૨૦૧૩-૧૪’ નામથી ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. ફાર્મસી હોલમાં બપોરે ૨-૦૦ થી ૫-૦૦ દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં આશરે ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમજ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ માણ્યો હતો. ગાયનમાં પ્રથમ ક્રમે કેજુલ તથા દ્વિતીય ક્રમે કુ. મુબારકા તેમજ નૃત્યમાં પ્રથમ ક્રમે હિમાંશુ તેમજ દ્વિતિય ક્રમે કુ. પિંકલ તેમજ કુ. પાયલ વિજેતા જાહેર થયા હતાં. ઉદઘોષક તરીકે કાર્તિક ચૌધરી તેમજ કુ. ચિતી પટેલ સંયુકત રીતે પ્રથમ ક્રમે રહ્યા હતાં. મિમીક્રી માટે પ્રથમ નંબરે પરીન છાયા તેમજ નાટક માટે ‘બેટી બચાઓ’ વિષય પર ભજવાયેલી રચનાને પ્રથમ વિજેતા ઘોષીત કરવામાં આવી હતી કાર્યક્રમનાં નિર્ણાયક તરીકે અમદાવાદનાં કિંજલ વ્યાસ તેમજ કુ. મનાલી ચોકસીએ સેવા આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજનાં વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. કોલેજનાં પ્રિન્સીપાલ ડો. રમાકાન્ત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનું સંચાલન પ્રો. નીરવ જોષીએ કર્યું હતું.

## વસંતકુંવરબા પ્રાથમિક શાળામાં મહેંદી અને કેશગૂંફન સ્પર્ધા યોજાઈ

બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળામાં ગૌરીવ્રત નિમિત્તે મહેંદી સ્પર્ધા અને કેશ ગૂંફન સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું તથા ગુરુપૂર્ણિમાએ ગુરુવંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

વસંતકુંવરબા પ્રાથમિક શાળાની ધોરણ-૫ થી ૮ની ૪૦ જેટલી વિદ્યાર્થિનીઓએ મહેંદી સ્પર્ધા અને કેશગૂંફન સ્પર્ધામાં ભાગ લઈ કલાત્મક મહેંદી અને કલાત્મક કેશ ગૂંફન કર્યું હતું. શાળાના વિદ્યાર્થીઓમાં પૂજા ચૌહાણે મહેંદી સ્પર્ધામાં પ્રથમ નંબર તથા મીના ઝાલાએ દ્વિતીય નંબર મેળવ્યો હતો. કેશ ગૂંફન સ્પર્ધામાં રિદ્ધિ દેવડા પ્રથમ અને પૂજા ચૌહાણ દ્વિતીય ક્રમે આવ્યા હતા. ગુરુ પૂર્ણિમા પ્રસંગે ગુરુજીને કુમકુમ તિલક, પૂજન અને પુષ્પગુચ્છ આપી સન્માન કર્યું હતું. વિદ્યાર્થીઓએ ગુરુ વિષયક ભજનો અને વક્તવ્યો આપ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અવનીબેન કવૈયાએ કર્યું હતું.

## પ્રેરણા વિદ્યાલયમાં ગૌરીવ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરની સેક્ટર-૫-એ ખાતે આવેલી પ્રેરણા વિદ્યાલયમાં તાજેતરમાં ગૌરીવ્રત નિમિત્તે નેઈલ પેઈન્ટ, આરતી ડીશ સુશોભન, મહેંદી સ્પર્ધા અને ચાંદલા સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાથમિક વિભાગમાં નેઈલ પેઈન્ટ સ્પર્ધામાં વિનીતા ઝાલા પ્રથમ નંબરે અને સંસ્કૃતિ ગોલ દ્વિતીય નંબરે તથા આરતી ડીશ સુશોભન સ્પર્ધામાં વર્ષા રબારી પ્રથમ તથા મહેંદી સ્પર્ધામાં અર્ચના વાઘેલા, વંદના વાઘેલા અને પિનલ રબારી પ્રથમ નંબરે આવ્યા હતા. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાંથી ભૂમિ ચૌહાણ, મિત્તલ ચાવડા, ધારા કટારિયા, આરતી ડીશ સુશોભન સ્પર્ધામાં ભાવિકા સોલંકી, સીમા પટ્ટણી, દેવાંગી પ્રજાપતિ, દિવ્યા સોલંકી, મહેંદી સ્પર્ધામાં પ્રાર્થના વસૈયા, અંકિતા રાઠોડ, સપના યાદવ તથા ચાંદલા સ્પર્ધામાં ક્રિષ્ના ચૌહાણ, અંકિતા વાઘેલા અને અંજલિ કોશી અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે વિજેતા થયા હતા. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે મનિષભાઈ ખત્રી, સંજયભાઈ પરમારે કામગીરી સંભાળી હતી. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા ઈનામ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધાઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા અને આચાર્યા સ્વાતિબા રાઓલે અભિનંદન પાઠવ્યા હતા.

## જે.એમ. ચૌધરી માધ્યમિક વિદ્યાલય તાલુકાકક્ષાએ ખો-ખો, વોલીબોલમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૨૬

જે.એમ. ચૌધરી સાર્વજનિક માધ્યમિક વિદ્યાલયે તાલુકા કક્ષાની ખોખો, વોલીબોલ, કબડ્ડી સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ખો-ખો, વોલીબોલમાં ૧૧ વિદ્યાર્થીઓએ ભાગ લઈ પ્રથમ નંબર મેળવ્યોછે.આ બંને સ્પર્ધામાં વિદ્યાર્થીઓ જિલ્લા કક્ષાએ રમવા જશે.

આ અંગેનુંમાર્ગદર્શનનેપ્રોત્સાહન વ્યાયામ શિક્ષિકા હર્ષાબેન ચૌધરી અને ઉષાબેન દરજીએ આપ્યું હતું. શાળાપરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## ફેકલ્ટી ઓફ એજ્યુકેશન કે.વી.એસ.માં ગુરુપૂર્ણિમા ઉજવાઈ

ગાંધીનગર શહેરના કડી સર્વ વિદ્યાલય દ્વારા સંચાલિત ફેકલ્ટી ઓફ એજ્યુકેશન કોલેજમાં ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુવંદના કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

સમાજમાં ગુરુનું મહત્વ તથા ગુરુની વિશેષતા વિશે વક્તવ્ય અને નાટક રજુ કરવામાં આવ્યું હતું. તાલીમાર્થી બહેનો દ્વારા ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રો. વીણાબેન પટેલ, બંને કોલેજના એચ.ઓ.ડી. અને અધ્યાપકોને કંકુ તીલક કરી ગુલાબના પુષ્પો આપી ગુરુવંદના કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલીમાર્થીઓએ ગુરુના મહત્વ વિશે પોતાના વિચારો પ્રગટ કર્યા હતા. ગુરુની વિશેષતા વિશે નાટકની રજુઆત પણ કરવામાં આવી હતી. ડીન પ્રા. વીણાબેન પટેલ આજના પ્રવર્તમાન સમયમાં પ્રાચીન ગુરુના જેવું મહત્વ કેવી રીતે જાળવી શકાય તેની તાલીમાર્થીઓને જ્ઞાનસભર માહિતી આપી હતી.

## પતિ-પત્નીના લગ્નજીવનની ઉભી થતી સમસ્યાઓનાં મૂળમાં સંવાદનો અભાવ એ મુખ્ય કારણ છે

### મહિલા સમાજ અને કાયદો

ડો. ભાવના કે. જોષીપુરા

માતાપિતાનું એકબીજાથી છૂટી પડી જવું અને તેની બાળકોના માનસ પર થતી ગંભીર અસર એ પણ ખૂબ અગત્યનો મુદ્દો છે. બાળકોનાં વાલીપણાં અને કબજા માટેની તકરાર માતા અને પિતા વચ્ચે ચાલતી હોય ત્યારે હંમેશા એવું લાગે છે કે બાળકને માતા અને પિતા બંનેની જરૂર છે. અંગત અનુભવને આધારે પણ એવું લાગે કે બાળક ખરેખર માતા અને પિતા બંનેનું ઈચ્છતું હોય છે. માતા અને પિતા વચ્ચેની તકરારની ખાઈ કેટલીકવાર એટલી ઊંડી હોય છે કે, પતિ અને પત્ની પોતાની બાબતમાં કયાંક બાળકને અન્યાય કરતાં હોય છે. નીતાના કેસથી વાત સમજીએ તો -

નીતા અને કરણ બંને પોતાની મરજીને પ્રેમલગ્ન કરેલ છે. બંનેનું લગ્નજીવન શરૂઆતમાં આનંદમય પસાર થાય છે. સમય જતાં કરણને એવી નોકરી મળે છે કે તે ખૂબ જ બહાર રહે છે. નીતાને કોઈ ભાઈ નથી અને તેના પિતાનું અવસાન થાય છે. નીતાની માતા પણ જીવનમાં ખાલીપો અનુભવે છે. નીતા પણ શહેરની એક ખ્યાતનામ શાળામાં શિક્ષિકા છે. નીતાને દીકરીનો જન્મ થાય છે. નીતા અને કરણના જીવનમાં એક નવો આયામ શરૂ થાય છે. દીકરી જન્મવાનો બંનેને આનંદ છે. નીતા અને કરણ દીકરીના જન્મ પહેલાં જ દીકરીનું નામ ‘રોશની’ નક્કી કરે છે.

નીતાનો સમય રોશનીને મોટી કરવામાં, તેની સારસંભાળ અને કાળજીમાં પસાર થાય છે અલબત્ત શાળાએ નોકરીએ તો જવાનું જ. ધીમે ધીમે કરણને પોતાની નોકરીના કામ અંગે બહારગામ જવાનું પણ વધારે થાય છે. પતિ અને પત્નીના જીવનમાં સતત સહવાસને કારણે એક સંવાદિતા હોય છે, બંનેના જીવનની અનેક બાબતો એકબીજા ઉપર નિર્ભર હોય છે. પતિ કે પત્ની બંનેમાંથી કોઈ પણ એકને ઘર અથવા બહારની વધુ પડતા કામની જવાબદારી અને કામનો બોજ એ બાબતને લઈને નાની નાની તકરારો એક કુટુંબમાં ઊભી થતી જોવા મળે છે. ઘર પરિવારના આનંદમય વાતાવરણ પણ કુટુંબ અને સમાજ પર બહુ મોટી અસર કરે છે. નીતા અને કરણ બંનેના વધતા જતાં કામના બોજ અને એકબીજા વચ્ચે સંવાદોનો અભાવ એ બાબતને લઈને એકબીજા વચ્ચે ન સમજી શકાય તેવી દૂરી ઊભી થતી જાય છે. આ ‘સંવાદ નો અભાવ’ એ એટલા માટે વિશેષ રીતે ઉલ્લેખ કરૂં છું કે અનેક પતિ-પત્નીના લગ્નજીવનની ઉભી થતી સમસ્યાઓનાં મૂળમાં સંવાદનો અભાવ એ મુખ્ય કારણ છે.

સંવાદનો અભાવ જે તબક્કેથી શરૂ થાય છે તે જ તબક્કેથી જ ‘વિવાદ’ના મૂળ રોપાય છે. નીતા અને કરણ પોતાના સતત વ્યસ્તતાના કારણે એકબીજા સામે નાની નાની ગેરસમજણ છે તે સંદર્ભે બિલકુલ વાતચીત કરી શકતા નથી. એકબીજા સાથે વાતચીત કરીને એકબીજાની વાત સમજવી અને એકબીજાને સહકાર આપવો એ સુખી લગ્નજીવનનો આધાર છે.

મીડીએશન, વકીલાત અને કાઉન્સેલીગ સેન્ટરના અનેક કેસોના અભ્યાસના આધારે નક્કી થયેલી આ બાબત છે.

નીતા કરણને મનોમન દૂર થતી જાય છે અને તે અરસામાં તેની માતા પણ એકલી છે. નીતા બેવડી કામની જવાબદારીથી મૂંઝાય છે. નીતાની માતા રીટાબેન રોશનીની સારસંભાળમાં મદદરૂપ થાય છે. પછી તો એવું બને કે નીતા જયારે શાળએ નોકરીએ જાય ત્યારે દીકરીને રીટાબેનને સોંપે અને આમ, રીટાબેન એ નીતાનો સહારો બની જાય છે. આ હું એટલા માટે લખું છું કે લગ્નજીવનમાં ઊભી થતી સમસ્યાએ કોઈ એકાએક ઉભી થતી નથી. રોજબરોજના જીવનમાં દરેક કલાકે અને ક્ષણે ક્ષણે મનમાં ઊભી થતી બાબતો અને એ તમામ ક્ષણ અને કલાકોનો સરવાળો છેવટે વિવાદમાં પરિણમે છે. પાછા નીતાની નોકરી અને દીકરીનું ભણતર એ બંનેને કારણે નીતા કરણ સાથે રહેવા જતી નથી પરંતુ દિવસો જતાં નીતાને પણ એવું લાગે છે કે પોતાની નોકરી અને દીકરીનું ભણતર એ બાબત તો બરોબર પરંતુ કરણ સાથેનું સહજીવન એ પણ અગત્યની બાબત છે. નીતા એક દિવસ દીકરી રોશનીને લઈને કરણ જયાં નોકરી કરે છે ત્યાં સુરત મુકામે પહોંચી જાય છે.

નીતા દીકરીને આંગળીએ પકડીને કરમણના મકાનની બહાર ઊભી છે, ડૉરબેલ વગાડે છે, ખુબ રાહ જુએ છે... બારણું ખુલતું નથી. પાડોશમાંથી ખબર પડે છે કરણ અહીંયા રહેતો નથી. નીતાને ધ્રાસકો પડે છે. કરણ સુરત નોકરીએ ગયા પછી પણ ફોન અને ઈમેઈલથી સંદેશાની આપલે તો ચાલુ હોય છે, તો વળી કયારેક કરણ ઘરે પણ આવતો હોય છે અને એમ બંને સંપર્કનો સંપર્ક તો છે જ, છતાં સરનામું બદલાયાની જાણ નથી તેનો ધ્રાસકો પડે છે. નીતા કરણને ફોન કરે છે. કરણ નીતાને મળવાની ચોખ્ખી ના પાડે છે. કરણના મિત્ર પાસેથી કરણનું સરનામુ મેળવીને કરણના ઘરે (નીતાનું પણ ઘર ખરૂં ને?) પહોંચે છે કરણ નીતા અને રોશનીને ઘરમાં આવવાની ના પાડી દે છે. નીરાદ વદને અતી વિકટ સ્થિતિમાં નીતા ઘરે પાછી આવે છે. અઠવાડિયામાં કરણ તરફથી બે નોટીસ મળે છે.

એક નોટીસ છે રોશનીનો કબજો લેવા માટેની અને બીજી નોટીસ છે ‘છૂટાછેડા’ સંદર્ભેની. નીતા અને કરણના લગ્નજીવનના વિવાદ સંદર્ભે કાયદેસરની કાર્યવાહીની શરૂઆત થઈ ચુકી છે. નીતા અને કરણના લગ્નજીવનની તકરાર અલગ અલગ સ્વરૂપે કોર્ટમાં ચાલે છે. નીતા પોતાની જાતા માટે તેમજ દીકરી રોશનીના ભરણપોષણ સંદર્ભે ભરણપોષણની અરજી દાખલ કરે છે. નીતા રાજકોટની અદાલતમાં અરજી દાખલ કરે છે. નીતા સમક્ષ જે પડકાર છે તે સુરતની કોર્ટમાં બંને કેસો લડવા જવા માટેનો છે.

નીતા એમ વિચારે છે કે દર મુદ્દતે રાજકોટથી સુરત જવું, રાજકોટ - સુરતનો આવવા જવાનો ખર્ચ, રોશનીનો ખર્ચ અને એ બધા વચ્ચે સુરત કોર્ટમાં વકીલ રોકવાનો ખર્ચ... તદ્ઉપરાંત સુરત મુદતે જવા માટે શાળામાં મુકવી પડતી રજા એમ નીતા મૂંઝાય છે. નીતાની આ મૂંઝવણ સંદર્ભે આપણે આવતાં અંકમાં વાત કરવાની છીએ. હાલમાં દીકરી રોશની અંગે ગાર્ડિયન એન્ડ વોર્ડઝ એકટ અંતર્ગત કરણે જે દાવા દાખલ કર્યો છે તે બાબતે આગળ વધીએ.

નીતાને જયારે મળવાનું થયું ત્યારે તેની બધી જ બાબત, તેના લગ્નજીવનની બાબત અંગે ઝીણવટથી અભ્યાસ કરતાં રોશનીના કબજા અંગેના દાવામાં પ્રાથમિક હકૂમતનો મુદ્દો ઉપસ્થિત થયો. આ પ્રાથમિક હકૂમતનો મુદ્દો એ શું છે? બાળકોના કબજા અને વાલીપણા અંગે કોઈ કોર્ટ સમક્ષ અરજી થઈ શકે? ગાર્ડિયન એન્ડ વોર્ડઝ એકટમાં કલમ-૯માં આ પ્રકારનાં કેસો લેવાની હકૂમત ધરાવતી કોર્ટમાં જોગવાઈ કરવામાં આવી છે.

અરજીઓ લેવાની હકૂમત ધરાવતી કોર્ટ :

(૧) અરજી સગીરના વાલીપણાં અંગે હોય, તો સગીર જયાં સામાન્ય રીતે રહેતો હોય તે સ્થળે હકૂમત ધરાવતી જીલ્લા કોર્ટને કરવી જોઈએ.

(૨) અરજી સગીરની મિલકતના વાલીપણા અંગે હોય, તો સગીર જયાં સામાન્ય રીતે રહેતો તે સ્થળે હકૂમત ધરાવતી જીલ્લા કોર્ટને અથવા જયાં તેની મિલ્કત હોય તે સ્થળે હકૂમત ધરાવતી જીલ્લા કોર્ટને તે કરી શકશે.

(૩) સગીરની મિલકતના વાલીપણા અંગેની કોઈ અરજી, સામાન્ય રીતે સગીર જયાં રહેતો હોય તે સ્થળે હકૂમત ધરાવતી જીલ્લા કોર્ટ સિવાયની કોઈ જીલ્લા કોર્ટ તે અરજીનો નિકાલ વધુ ન્યાયપૂર્વક અને સુગમતાથી કરી શકશે તો કોર્ટ તે અરજી પરત કરી શકશે.

નિવાસનું સામાન્ય સ્થળે કામચલાઉ નિવાસ હોય અથવા કોઈ સ્થલે ફરજિયાત પણે લાંબા સમયથી નિવાસ કરવો પડતો હોય તેને નિવાસનું સામાન્ય સ્થળ કહી શકાય નહીં.

રોશનીના કેસમાં રોશની એ જન્મથી તેની માતા સાથે રાજકોટમાં રહેતી હતી. રોશનીના પિતા કોઈ દિવસ તેણીને સુરત રહેવા લઈ ગયેલ નથી અને રોશનીનું નોર્મલ રેસીડન્સ એટલે કે સામાન્ય રહેઠાણનું સ્થળ એ પણ રાજકોટ જ છે. આ સંજોગોમાં સુરત કોર્ટમાં નીતાએ કરણે દાખલ કરેલ રોશનીના કબજા સંદર્ભેના કેસમાં હકૂમતનો મુદ્દો ઉઠાવીને પોતાનો જવાબ રજૂ કર્યો. હકૂમતના મુદ્દાને લક્ષ્યમાં લઈને કરણે રોશનીના કબજા માટે કરેલ અરજી અદાલતે રદ કરી.

નીતાને ભરણપોષણના કેસમાં શું થયું? ત્યકતા સ્ત્રીઓ અને સગીર બાળકોનાં ભરણપોષણ માટે કાયદામાં શું જોગવાઈ છે? મળીએ આવતાં અંકે...